

ગાંધીનગર સિવિલ કેમ્પસમાં આવેલ પાર્કીંગ એરીયામાં ઉભા રહેલા લાઈટના વિજપોલના વાઈરીંગમાં ગરમીને પગલે આગ લાગી હતી. ગણતરીની મિનીટોમાં વાયરીંગ બળીને ખાક થઈ ગયું હતું. પરંતુ સિવિલ કેમ્પસમાં લગાવેલા ફાયર સેફટીના સાધનોથી તુરંત આગ પર કાબુ મેળવી લેવાયો હતો. જેને પગલે વિજપલોને થતુ નુકશાન અટક્યું હતું.

# ચાંદખેડામાં પરિણીતાની પતિ, સાસુના ત્રાસથી આત્મહત્યા

## બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ઘેરા શોક-અરેરાટીની લાગણી : ચાંદખેડા પોલીસની કેસમાં ઉંડી ચકાસણી શરૂ

ગાંધીનગર,તા. ૧૧

શહેરના ચાંદખેડા વિસ્તારમાં ૭ મહિનાનો ગર્ભ ધરાવતી એક પરિણીતાએ પતિ અને સાસુના ત્રાસથી આત્મહત્યા કરી લેતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. ગર્ભવતી પરિણીતાની આત્મહત્યાને લઈ સ્થાનિક રહીશોમાં ઘેરા શોક અને અરેરાટીની લાગણી ફેલાઈ ગઈ હતી. આ બનાવ અંગે પરિણીતાની માતાએ પતિ અને સાસુ વિરુદ્ધ આત્મહત્યા માટે દુષ્પ્રેરણાની ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે ચાંદખેડા પોલીસે આ સમગ્ર મામલામાં જરૂરી ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, ગાંધીનગર સેકટર-૧૩માં રહેતાં અરૂણાબહેન શ્રીમાળીની મોટી પુત્રી કાજલ (ઉ.વ.૨૨)નાં લગ્ન એક વર્ષ અગાઉ ચાંદખેડા આઈઓસી રોડ પર આવેલા સરસ્વતીનગરમાં રહેતા ધવલ જયંતીભાઈ પંડ્યા સાથે કર્યા હતાં. લગ્નના ૭ મહિના બાદ ધવલ અને તેની માતા મધુબહેન નાની નાની વાતમાં કાજલને મહેણાંટોણાં મારી મારઝૂડ કરતાં હતાં. આ અંગે તેણે તેની માતાને પણ વાત કરી હતી, જોકે ઘર ન ભાંગે તે માટે તેને સાથે રહેવા માટે સમજાવી હતી. ધવલ અને કાજલનાં સાસુ નાની નાની વાતમાં ટોર્ચર અને મારઝૂડ કરતાં હતાં. ૭ મહિનાનો ગર્ભ હોવાથી આવતા મહિને તેના સીમંતનો પ્રસંગ હોવાથી ખરીદી કરવા કાજલ તેની માતાના ઘરે ગઈ હતી ત્યારે પણ તેણે સાસુ અને પતિના ત્રાસ અંગે માતાને વાત કરી હતી. દરમ્યાનમાં ગઈકાલે બપોરે કાજલે તેના ઘરે પંખાએ લટકી આત્મહત્યા કરી લીધી હતી. કાજલના ગાલ અને ગાળાના ભાગે ઈજાનાં નિશાન જોવા મળ્યાં હતાં. ચાંદખેડા પોલીસને જાણ કરાતાં પોલીસ પણ દોડી આવી હતી. પોલીસે લાશને પીએમ અર્થે પણ મોકલી આપી હતી. ચાંદખેડા પોલીસે અરૂણાબહેનની ફરિયાદના આધારે આત્મહત્યા માટે દુષ્પ્રેરણાનો ગુનો નોંધી કાજલે આત્મહત્યા કરી છે કે તેની હત્યા થઈ છે તેની તપાસ શરૂ કરી છે. બીજીબાજુ, બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી.



**મોડાસા-માલપુર પ્રણામી વણકર સમાજનો પ્રથમ સમૂહ લગ્નોત્સવ યોજાયો**

અરવલ્લી જિલ્લાના મોડાસા માલપુર પ્રાણમી વણકર સમાજ પરગણાનો પ્રથમ સમૂહ લગ્નોત્સવ ગુરુવારે સાકરીયા ગામે યોજાયો હતો. આ સમૂહ લગ્નોત્સવમાં ૧૭ નવ યુગલોએ પ્રભુતામાં પગલાં માંડ્યા હતા. સમાજના નવ યુવકોએ વડીલો અને અગ્રણીઓના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમને સફળ બનાવવા માટે કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. સમૂહ લગ્નોત્સવમાં સમાજના અગ્રણી અને પૂર્વ શિક્ષણમંત્રી કરસનદાસ સોનેરી, મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહજી ઠાકોર સહિતના આગેવાનો ઉપસ્થિત રહી નવ દંપતીને આશીર્વાદ આપ્યા હતા. મોડાસા માલપુર પરગણા પ્રાણમી વણકર સમાજ સમૂહ લગ્નોત્સવ સમિતિના પ્રમુખ દેવેશભાઈ એન્જીનીયર, અધ્યક્ષ શૈલેષભાઈ પરમાર, મહામંત્રી કમલેશભાઈ પાટીલ સહિતના હોદ્દેદારો અને નવ યુવકોની ટીમે પ્રથમ સમૂહ લગ્નોત્સવને સફળ બનાવ્યો હતો.

# બિટકોઈન મામલે સીઆઈડી ક્રાઈમ વડા તેમજ ડીજીપીને બોલાવ્યા

## ગૃહવિભાગના અધિક મુખ્ય સચિવના નેતૃત્વમાં યોજાયેલી બેઠક ૪૫ મિનિટ ચાલી : કોટડિયાની ધરપકડના સંકેત

અમદાવાદ,તા. ૧૧

ગુજરાતભરમાં ખળભળાટ મચાવનારા બીટકોઈન કૌભાંડ મામલે આજે રાજયના ગૃહવિભાગ દ્વારા સીઆઈડી ક્રાઈમના વડા અને ડીજીપી શિવાનંદ ઝાને બોલાવવામાં આવ્યા હતા. ગૃહવિભાગના અધિક મુખ્ય સચિવના નેજો હેઠળ ૪૫ મિનિટ સુધી મહત્વની બેઠક ચાલી હતી. જેમાં સરકાર તરફથી તપાસનીશ એજન્સીને હવે કડક તપાસ અને નાસતા ફરતા આરોપીઓની ધરપકડ માટે અંદરખાને સૂચના અપાઈ હોવાની ચર્ચાએ ભારે જોર પકડયું છે. બીજીબાજુ, ફરિયાદી શૈલેષ ભટ્ટે આજે ભાજપના પૂર્વ ધારાસભ્ય નલિન કોટડિયાના આક્ષેપોને ફગાવતાં જણાવ્યું હતું કે, તે પિયુષ સાવલિયાને ઓળખતા નથી અને તેમણે કોઈની પાસેથી બિટકોઈન પડાવ્યા નથી. હું તમામ તપાસનો સામનો કરવા તૈયાર છું. તો આજે સીઆઈડી ક્રાઈમની જુદી જુદી ટીમોએ કોટડિયાના વતન અમરેલીમાં ધામા નાંખ્યા છે અને તેમની ગમે તે ઘડીયે ધરપકડના ભણકારા વાગી રહ્યા છે. દરમ્યાન આ કેસમાં નવા ડેવલપમેન્ટમાં બિટકોઈન કાંડમાં જયારે ફરિયાદી શૈલેષ ભટ્ટનું જે કારમાં અપહરણ કરાયું તેના ડ્રાઈવરની ઓળખ પરેડ આજે ગાંધીનગર મામલદાર ઓફિસ ખાતે કરવામાં આવી હતી. દરમ્યાન સીઆઈડી ક્રાઈમે આ સમગ્ર કૌભાંડમાં અત્યાર સુધી ૧૧૯ બિટકોઈન જપ્ત કર્યા છે પરંતુ હજુ ૨૩ જેટલા બિટકોઈન મળી આવતાં નથી, તેથી તે કયા ડિજિટલ વોલેટમાં છે, તેની તપાસ સીઆઈડી ક્રાઈમના અધિકારીઓ ચલાવી રહ્યા છે. બિટકોઈન મામલે રાજયના ગૃહવિભાગ સાથે સીઆઈડી ક્રાઈમના વડા અને ડીજીપીની બેઠક પણ ઘણી મહત્વની મનાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે, આ સમગ્ર કેસ પર ગૃહવિભાગ સીધું નજર રાખી રહ્યું છે. બિટકોઈન કૌભાંડ પ્રકરણમાં નલિન કોટડિયાએ તાજેતરમાં જ એક વધુ પત્ર સીઆઈડીને મોકલી પોતાની હત્યા થવાની દહેશત વ્યક્ત કરી હતી અને સાથે સાથે એવો ગંભીર આરોપ લગાવ્યો છે કે, આ કેસના મૂળ ફરિયાદી શૈલેષ ભટ્ટ સાથે રાજકીય મોટું માથુ સંકળાયેલું છે. તેમનું નામ તે વખત આવે જાહેર કરશે. તેમને સમાજ સજા કરશે. કોટડિયાએ ફરિયાદી શૈલેષ ભટ્ટ પર સીધો આરોપ લગાવ્યો હતો કે, તેણે ધવલ પટેલ અને પિયુષ સાવલિયાનું અપહરણ કરાવી તેમની પાસેથી બિટકોઈન પડાવ્યા હતા. જો કે, આ આરોપોને આજે ફરિયાદી શૈલેષ ભટ્ટે નકાર્યા હતા અને કોઈપણ તપાસ માટે તૈયાર હોવાનો પુનરોચ્ચાર કર્યો હતો. બીજીબાજુ, કોટડિયાએ પોતાના કામથી રાજય બહાર હોવાનો હવાલો આપી તા.૧૨મીએ સામેથી સીઆઈડી સમક્ષ હાજર થશે તેવો જે દાવો રજૂ કર્યો હતો, તેની મહેતલ પણ આજે પૂરી થતી હોઈ સીઆઈડી ક્રાઈમની જુદી જુદી ટીમોએ કોટડિયાના વતન અને નિવાસસ્થાને ધામા નાંખ્યા હતા.

# ચકચારી ઓડ કાંડમાં ૧૪ની જન્મટીપ સજા અકબંધ રહી

અમદાવાદ,તા. ૧૧

ગોધરાકાંડ બાદ રાજયભરમાં ફાટી નીકળેલા કોમી તોફાનો દરમ્યાન સર્જાયેલા સંવેદનશીલ હત્યાકાંડ પૈકીના ચકચારભર્યા આણંદ જિલ્લાના ઓડ હત્યાકાંડ કેસમાં ગુજરાત હાઈકોર્ટે આજે અતિ મહત્વનો ચુકાદો જારી કરી જન્મટીપની સજા પામેલા ૧૮ પૈકીના ૧૪ આરોપીઓની જન્મટીપની સજા યથાવત્ રાખી છે. જયારે ત્રણ આરોપીઓને હાઈકોર્ટે નિર્દોષ ઠરાવી છોડી મૂકવા હુકમ કર્યો હતો. એક આરોપીનું કેસ ચાલવા દરમ્યાન મૃત્યુ નોંધાયું હતું. વધુમાં, હાઈકોર્ટે આ કેસના પાંચ આરોપીઓની સાત વર્ષની સજા પણ હાઈકોર્ટે કાયમ રાખી હતી જો કે, તેઓની સજા પૂરી થઈ ગઈ તેઓને પણ છોડી મૂકવા જસ્ટિસ અકીલ કુરેશી અને જસ્ટિસ બી.એન.કારીઆની ખંડપીઠે હુકમ કર્યો હતો. હાઈકોર્ટે તેના ચુકાદામાં સમગ્ર હત્યાકાંડને લઈ ગંભીર, માર્મિક અને સંવેદનશીલ નીરીક્ષણો પણ કર્યા હતા.

ગોધરાકાંડ બાદ રાજયભરમાં ફાટી નીકળેલા કોમી તોફાનો દરમ્યાન તા.૧-૩-૨૦૧૮ના રોજ આણંદ જિલ્લાના ઓડ ગામે તોફાની ટોળાએ પીરાવાળી ભાગોળે આવેલા ઝાંપલીવાલા બિલ્ડિંગમાં આગ ચાંપી દેતાં ૨૩ લોકો જીવતાં ભૂંજાઈ ગયાં હતાં. ચકચારભર્યા આ કેસમાં ગત તા.૧૨-૪-૨૦૧૨ના રોજ આણંદ સેશન્સ કોર્ટના સ્પેશ્યલ જજ પૂનમસિંઘે આ કેસના ૧૮ આરોપીઓને જન્મટીપની આકરી સજા ફટકારી હતી, જયારે અન્ય પાંચ આરોપીઓને સાત-સાત વર્ષની સખત કેદની સજા ફટકારી હતી. આ સિવાય ૨૩ આરોપીઓને સ્પેશ્યલ કોર્ટ નિર્દોષ ઠરાવી છોડી મૂકવા હુકમ કર્યો હતો. આ ચુકાદા સામે આરોપીપક્ષ તરફથી નીચલી કોર્ટ દ્વારા ફટકારાયેલી સજાને પડકારતી અને સરકારપક્ષ તરફથી આરોપીઓની સજા વધારવા દાદ માંગતી જુદી જુદી અપીલો દાખલ કરવામાં આવી હતી. જેની સુનાવણીના અંતે આજે ગુજરાત હાઈકોર્ટે પોતાનો મહત્વનો ચુકાદો સંભળાવતાં નીચલી કોર્ટ દ્વારા જે ૧૮ લોકોને આજીવન કેદની સજા ફટકારી હતી, તેમાંથી ૧૪ આરોપીઓની આજીવન કેદની સજા યથાવત રાખી હતી. જયારે આજીવન કેદની સજા પામેલા ત્રણ આરોપીની સજા કોર્ટે રદ કરી તેમને નિર્દોષ જાહેર કર્યા હતા.

## પ્રાંતિજ તાલુકાનુ ગૌરવ

પ્રાંતિજ, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના વાધપુર ખાતે રહેતી



નૈયાબહેન મુકેશકુમાર પ્રજાપતિ કે જે ધોરણ-૧૨ સાયન્સમાં ૯૩.૩૩ પર્સનટાઈલ ૮૭.૩૮ ટકા મેળવીને સાબરકાંઠા જિલ્લામાં ત્રીજા સ્થાને તથા પ્રાંતિજ-તલોદ તાલુકામાં પ્રથમ નંબરે સ્થાન પ્રાપ્ત કરી તેની સ્કૂલ તકશીલા ગામ વાધપુર તથા પરિવાર તથા પ્રજાપતિ સમાજનું નામ રોશન કર્યું છે.

## સુજલામ સુફલામ અભિયાન- મહેસાણા જિલ્લામાં કામોનો પ્રારંભ

રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ સુજલામ સુફલામ જળ સંચય અભિયાન દેશનું સૌથી મોટુ જળસંચય અભિયાન બની રહ્યુ છે. મહેસાણા જિલ્લામાં જિલ્લા કલેકટર એચ.કે. પટેલના અધ્યક્ષસ્થાને અભિયાનતળે વિવિધ કામો કરવામાં આવી રહ્યા છે.

જિલ્લામાં વિજાપુરના લોડાલ અને ગુંદરાસણ ગામમાં કામનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત કડી શહેરમાં ચાલી રહેલ કામોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. મહેસાણા જિલ્લામાં જળસંચય અભિયાનને વ્યાપક પ્રતિસાદ મળી રહ્યો છે.



**ખેડબ્રહ્મામાં પીએસઆઈનો વિદાય સમારંભ યોજાયો**

શહેર ખેડબ્રહ્મામા છેલ્લા કેટલાક સમયથી પીએસઆઈ તરીકે ફરજ બજાવતા અમીતભાઈ દેસાઈની નીતિ નીયમ મુજબ ઈડર ખાતે બદલી થતા તેમનો આજરોજ સવારે પોલીસ મથકે બગીચામાં શહેરના વેપારીઓ રાજકીય પક્ષોના આગેવાનો અને સ્ટાફ મીત્રોએ શાલ ઓઢાડી પુષ્પ ગુચ્છ આપીને શુભકામના પાઠવી અને વિદાય આપી હતી.

# રાજયભરમાં આગઝરતી ગરમી

રાજયભરમાં આજે આગઝરતી ગરમીનો અનુભવ સતત બીજા દિવસે થયો હતો. સવાર થતાંની સાથે જ ૧૦ વાગ્યા બાદ તીવ્ર ગરમીનો અનુભવ લોકો કરવા લાગી ગયા હતા. બપોરે ગરમ હવાના કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. તંત્ર તરફથી પણ બિનજરૂરી રીતે લોકોને બહાર ન નિકળવા માટે સૂચના આપી દેવામાં આવી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી હિટવેવ એકશન પ્લાનના સંદર્ભમાં કેટલીક સૂચનાઓ પણ જારી કરવામાં આવી ચુકી છે. આજે અમદાવાદ શહેરમાં પારો વધીને ૪૪ ઉપર પહોંચી હતો. હતો જયારે સુરેન્દ્રનગરમાં મહત્તમ તાપમાન ૪૪.૩ ડિગ્રી રહ્યું હતું. રાજયમાં આ બે જગ્યાઓ સિવાય અન્ય જગ્યાઓ ઉપર મહત્તમ તાપમાન ૪૦થી ૪૩ ડિગ્રીની વચ્ચે રહ્યું હતું. ગરમીના પ્રમાણમાં હજુ પણ વધારો થઈ શકે છે તેમ તમામ લોકો માની રહ્યા છે. જાણકાર લોકોના કહેવા મુજબ આજે બપોરના ગાળા દરમિયાન વર્તમાન સિઝનમાં સૌથી વધુ ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. વધતી ગરમી વચ્ચે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ વિભાગ દ્વારા પાણીજન્ય રોગચાળાને કાબુમાં લેવા વિવિધ પગલા લેવામાં આવ્યા હોવા છતાં નવા કેસ નોંધાઈ રહ્યા છે. પાણીજન્ય કેસની વાત કરવામાં આવે તો મે મહિનામાં ઝાડા ઉલ્ટીના ૧૭૩ કેસ સપાટી ઉપર આવ્યા છે જયારે કમળાના પાંચ જ દિવસમાં ૩૯ અને ટાઈફોઈડના ૫૫ કેસ સપાટી ઉપર આવ્યા છે.

## કંપની સમાચાર

### ઓડીએ સુરતમાં નવી અત્યાધુનિક વર્કશોપનુ ઉદ્‌ઘાટન કર્યુ

જર્મન લકઝરી કાર ઉત્પાદક ઓડીએ આજે સુરતમાં તેની અત્યાધુનિક સર્વિસ સુવિધાનું ઉદ્‌ઘાટન કર્યું છે. કુલ ૩૫,૦૦૦ ચો. ફૂટ વિસ્તારમાં ફેલાયેલી ઓડી સુરત વર્કશોપ સુવિધા સર્વિસ માટે ૨૦ બેની સુવિધા ઓફર કરે છે. સુરતના જીઆઈડીસી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ભાટપોર વિસ્તારમાં સ્થિત આ વર્કશોપ સુરત અને પશ્ચિમી પ્રદેશમાં ગ્રાહકો પ્રત્યે બ્રાન્ડની કટીબદ્ધતા વ્યક્ત કરે છે.

'અમે સર્વિસ ક્ષેત્રમાં કાર્યક્ષમતા, ઉપલબ્ધતા અને પોષણક્ષમતા માટે નવા સિમાચિન્હો સ્થાપિત કરવા માટે અનેક નવી પહેલોનું આયોજન કરી રહ્યા છીએ, કારણ કે 'ટોટલ કોસ્ટ ઓફ ઓનરશિપ' અમારા માટે માત્ર એક સૂત્ર નથી પરંતુ અમે તેના પર ખરા ઉતરવા માંગીએ છીએ. સુરતમાં આ નવી અત્યાધુનિક સુવિધામાં સર્વશ્રેષ્ઠ સર્વિસ એરિયાનો પણ સમાવેશ થાય છે. 'વૈશ્વિક સ્તરની પ્રોડક્ટને પ્રીમિયમ સર્વિસ અને મેઈન્ટેનન્સની જરૂર પડે છે. સુરતમાં આ અત્યાધુનિક સુવિધા પશ્ચિમી ભારતમાં લકઝરી કાર સેગ્મેન્ટમાં સર્વિસ ક્ષેત્રના માપદંડોમાં નવા સિમાચિહ્નો સ્થાપિત કરશે. 'વોરસ્પ્રંગ'ની અમારી ફિલસૂફી માત્ર આગેકૂચ નથી, પરંતુ અમારા સર્વિસ માપદંડોમાં અમે જે પરફેક્શન ઈચ્છીએ છીએ તે પણ દર્શાવે છે.

### યસ બેન્કમાં એડિશનલ (નોન એક્ઝિક્યુટિવ) ઈન્ડીપેન્ડન્ટ ડાયરેક્ટર તરીકે રેન્ટલા ચંદ્રશેખરની નિમણૂંક

ભારતમાં ખાનગીક્ષેત્રની ચોથા નંબરની સૌથી મોટી બેન્ક એવી યસ બેન્ક દ્વારા એડિશનલ (નોન એક્ઝિક્યુટિવ) ડાયરેક્ટર તરીકે રેન્ટલા ચંદ્રશેખરની નિમણૂંક કરવામાં આવી છે. આ નિમણૂંક કંપનીની આગામી વાર્ષિક સાધારણ સભામાં શેરધારકોની મંજૂરીને આધીન છે.

આર. ચંદ્રશેખર નાસ્કોમના તત્કાલીન પૂર્વ અધ્યક્ષ છે. આર. ચંદ્રશેખરના નાસ્કોમના નેતૃત્વ હેઠળ નાસકોમ દેશમાં આઈટી-બીપીએમ ઉદ્યોગની ટોચની સંસ્થા તરીકે કાઠું કાઢી શકી છે. ભારત સરકારના સભ્ય તરીકે પણ તેઓ સેવા આપી ચુક્યા છે.

આર. ચંદ્રશેખર ભારત સરકારનાં ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી વિભાગના સચિવ અને ટેલિકોમ કમિશનર ઓફ ઈન્ડિયાના ચેરમેન તરીકે સેવાઓ આપી ચુક્યા છે. તેઓ ૧૯૭૫ની બેચના આઈએએસ છે અને સરકારી સેવાઓમાં વર્ષ ૨૦૧૩માં નિવૃત્ત થયા છે. યસ બેન્કના એમડી અને સીઈઓ રાણા કપુરે આ પ્રસંગે જણાવ્યું હતું કે, આર. ચંદ્રશેખર આઈટી અને ટેલિકોમ સેક્ટરનો બહોળો અનુભવ ધરાવે છે.

**ગરમીનું રોદ્ર સ્વરૂપ...** ● છેલ્લા પાનાનું ચાલુ

મિજાજ હજુ પણ બે ત્રણ દિવસ ઉગ્ર રહે તેવી પણ શક્યતા વ્યકત કરી છે. ગરમીના લીધે શ્રમિકોની હાલત પણ કફોડી બની છે. જયારે લું લાગવાના તેમજ હીટવેવના લીધે જનઆરોગ્ય પર વિપરિત અસર થતી હોવાના પણ કિસ્સાઓ સામે આવી રહયા છે. નગરજનો આક્રમક ગરમીથી તોબા પોકારી ગયા છે. લઘુત્તમ તાપમાન પણ ૨૯.૫ ડી ગ્રી સુધી ઉંચુ રહેતા સાંજ ઢળ્યા બાદ પણ વાતાવરણમાં ગરમીનો અહેસાસ યથાવત રહયો હતો. રાત્રિના સમયે પણ મોડે સુધી વાતાવરણમાં ઠંડક ન થતા નગરજનોની બેચેની વધી હતી. જયારે આકરી ગરમીના લીધે દિવસના સુનકાર બાદ જરૂરી કામો નિપટાવવા માટે રાત્રિના શહેરના માર્ગો પર વિશેષ ચહલપહલ જોવા મળી હતી. ગરમીની સિઝનમાં આમ નાગરિકો માટે ઠેર ઠેર પરબ તેમજ ઠંડી છાશનુ પણ વિતરણ શરૂ કરી દેવાયુ છે.જયારે અબોલ પશુ પક્ષીઓ પણ દયાજનક સ્થિતિમાં મુકાઈ ગયા છે. સતત વધતી ગરમીએ નગરને બાનમાં લીધુ છે. તબીબો તેમજ હવામાન નિષ્ણાંતોએ પણ નગરજનોને કામ સિવાય ઘરની બહાર ન નિકળવાની સલાહ આપી છે.

**લાઈનની સફાઈ...** ● છેલ્લા પાનાનું ચાલુ

શહેરમાં દાયકાઓના અંતે પણ સ્ટોર્મ વોટર લાઈનની કામગીરી પુર્ણ થઈ શકી નથી. શહેરના માત્ર ૭ જ સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઈનનુ કામ થઈ શક્યુ છે. હાલ નગરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના અમુક આંતરિક વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલની લાઈન છે. જયારે બાકી રહેતા તમામ સેકટરોમાં લાઈન નાંખવા માટે આયોજન કરવામાં આવી રહયુ છે. આ માટે તંત્ર દ્વારા સર્વે હાથ ધરવા અગાઉ એજન્સીને કામ સોંપવામાં આવ્યુ હતુ. જેના અંતે એજન્સીકક્ષાએથી યોગ્ય રીપાર્ટ પણ તંત્રને સપ્રત કરી દીધો છે. આ રીપોર્ટ તંત્ર દ્વારા વિભાગને મોકલી દેવામાં આવ્યો છે. જયારે આગામી દિવસોમાં સ્ટોર્મ વોટર લાઈનની કામગીરી હાથ ધરવા માટે ગતિવિધિઓ આરંભાશે. જયારે પ્રતિવર્ષ ચોમાસા પુર્વે તંત્ર દ્વારા સ્ટોર્મ વોટર લાઈનની સફાઈ માટે કામ હાથ ધરવામાં આવે છે. ચોમાસા દરમિયાન વરસાદી પાણીનો સમયસર નિકાલ થાય તે માટે લાઈન ચોખ્ખી કરવામાં આવે છે. લાઈનની સફાઈ કરવા માટે ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરાશે. આ માટે તંત્ર દ્વારા નગરના મુખ્ય માર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો પર જ્યાં સ્ટોર્મ વોટર લાઈન છે. તેવા વિસ્તારમાં સફાઈનુ કામ શરૂ કરવામાં આવશે. ચોમાસા દરમિયાન પણ ભારે વરસાદના સંજોગોમાં જળબંબાકાર થાય તેવા દિવસોમાં પાણી ભરાઈ જતા હોય તેવા પોઈન્ટ નિયત કરીને લાઈનની સફાઈ કરી પાણીનો ત્વરિત નિકાલ કરવામાં આવે છે. ટુંકમાં જ લાઈન સફાઈનુ કામ હાથ ધરાશે. જો કે શહેરમાં પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવાથી સેકટરવાસીઓએ હાલાકી વેઠવી પડે છે.

**ગાંધી ૧૦૦** ● ચોથા પાનાનું ચાલું

ખેડૂતોની કહાણી લખનારા વકીલોને કેટલાક નિયમો પાળવા પડતા હતા. દરેક ખેડૂતની ઉલટતપાસ કરવામાં આવતી હતી. જો તપાસમાં તેની માહિતી ખોટી જણાય તો તેની જુબાની ન લેવી, જેની વાત મૂળમાં જ પાયા વિનાની લાગે તે ન લેવી. એવા નિયમો લાગુ કરવામાં આવ્યા હતા. જુબાની લેતી વખતે છૂપી પોલીસના અમલદાર પણ હાજર રહેતા હતા. એ અમલદારોને ચોક્કસ રોકી શકાય એમ હતું પણ એમને રોકવાનો નહીં પરંતુ વિનયથી વર્તવાનું અને આપી શકાય તેટલી ખબર આપવામાં આવતી હતી. એક ફાયદો અમલદારોની હાજરીનો એ પણ થતો કે ખોટું બોલતા હોય એ પોલીસ ફસાવે એ ડરથી ખોટું બોલતા નહીં.

આવી પરિસ્થિતિમાં ઘણી સાચી અને સિદ્ધ થઈ શકે તેવી જુબાની એકત્ર થઈ રહી હતી. આમ, ગાંધીજીએ જાત તપાસવાનું કામ તો બરાબર ચાલુ કર્યું હતું. પણ જેમ જેમ તેમને અનુભવ મળતો ગયો તેમ તેમ તેમને સમજ આવી કે ચંપારણમાં બરોબર કામ કરવું હોય તો ગામડામાં કેળવણીનો પ્રવેશ થવો જોઈએ. ગાંધીજીએ નીલવરોના કાળા કરતૂતોની હકાલપટ્ટી સાથે ચંપારણમાં કેળવણીનો પ્રવેશ કેવી રીતે કરાવ્યો એની આખી યોજના ઘડી કાઢી. (લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

**મતદાન...** ● અનુસંધાન પહેલાનું ચાલુ

પૈકી ૨૨૩ સીટ માટે મતદાન આવતીકાલે યોજાનાર છે. એક સીટ પર મતદાન મોકુફ કરવામાં આવ્યુ છે. કારણ કે જયનગરના ભાજપના ઉમેદવાર બીએન વિજય કુમારનુ નિધન થયુ હતુ. કર્ણાટકમાં તમામ ઉમેદવારોના ભાવિનો ફેસલો કરવા માટે ચાર કરોડ ૯૬ લાખ મતદારો ઉત્સુક છે. હાઈ વોલ્ટેજ અને હાઈ પ્રોફાઈલ ચૂંટણી માટે ઝંઝાવતી પ્રચાર કરવામાં આવ્યા બાદ હવે ભાજપ અને કોંગ્રેસ દ્વારા પોતાની રીતે ગણતરી કરવામાં આવી રહી છે. એકબાજુ ભાજપ પ્રમુખ અમિત શાહે દાવો કર્યો છે કે તે એકલા હાથ ૧૩૦ સીટ જીતી જશે. બીજી બાજુ કોંગ્રેસ પાર્ટી પણ આશાવાદી છે. આંકડા દર્શાવે છે કે કર્ણાટક ચૂંટણીમાં ૩૯૧ ઉમેદવારોની સામે અપરાધિક કેસ રહેલા છે. ભાજપના ઉમેદવારોની સામે સૌથી વધારે કેસ છે. ભાજપના ૨૨૪ ઉમેદવારો પૈકીના ૮૩ ઉમેદવારો અથવા તો ૩૭ ટકા ઉમેદવારો કેટલાક અપરાધિક કેસમાં સંડોવાયેલા રહ્યા છે. ભાજપ બાદ બીજા સ્થાન પર કોંગ્રેસ પાર્ટી છે. કોંગ્રેસે ૨૨૦ ઉમેદવારો પૈકી ૫૯ એવા નેતાઓને ટિકિટ આપી છે જેમની સામે અપરાધિક કેસ રહેલા છે. કોંગ્રેસના ૫૯ ઉમેદવારોની સામે અપરાધિક કેસ રહેલા છે. બીજી બાજુ જેડીએસના ૧૯૯ પૈકી ૪૧ સામે અપરાધિક કેસ નોંધાયેલા છે. ચૂંટણી સાથે જોડાયેલા આંકડા દર્શાવે છે કે વર્ષ ૨૦૧૩માં વિધાનસભાની ચૂંટણીની તુલનામાં વર્ષ ૨૦૧૮માં અપરાધિક મામલામાં ફસાયેલા ઉમેદવારોની સંખ્યા ૩૩૪થી વધીને ૩૯૧ થઈ ગઈ છે. એડીઆર દ્વારા કરવામાં આવેલા મુલ્યાંકનની બાબત ઉમેદવારો દ્વારા દાખલ કરવામાં આવેલી એફિડેવિટ પર આધારિત છે. જેમાં ૨૫૬૦ ઉમેદવારો પૈકી ૩૯૧ ઉમેદવારોની સામે અપરાધિક કેસ રહેલા છે.ગંભીર મામલાનો સામનો કરતા ઉમેદવારોની સંખ્યા વર્ષ ૨૦૧૩માં ૧૯૫ હતી જે આ વખતે ૨૫૪ થઈ ગઈ છે. ચાર ઉમેદવારોની સામે હત્યાના કેસ રહેલા છે. કર્ણાટકની ગરમી હાલ રહેલી છે.કોંગ્રેસના ૩૨ એટલે કે ૧૫ ટકા તથા જેડીએસના ૨૯ અથવા તો ૧૫ ટકા ઉમેદવારો ગંભીર અપરાધિક મામલાઓનો સામનો કરી રહ્યા છે. ગંભીર મામલાઓનો સામનો કરી રહેલા ઉમેદવારોની સંખ્યા પણ ૨૦૧૩માં ૧૯૫ હતી જે વધીને હવે ૨૫૪ થઈ ગઈ છે.

**નેપાળ-ભારત...** ● અનુસંધાન પહેલાનું ચાલુ

પીએમ નરેન્દ્ર મોદીએ નાગરિક અભિનંદન સમારંભમાં જનકપુરની જનતાને સંબોધિત કર્યા. આ દરમ્યાન પીએમએ ભારત અને નેપાળના સંબંધોના યુગો જૂની વાતો કરી. પીએમ એ કહ્યું નેપાળ વગર ભારતનું ધામ પણ અધૂરું છે અને રામ પણ. મોદીએ કહ્યું કે બંને દેશોની મિત્રતા કોઈ રણનીતિ કે કૂટનીતિની મોહતાજ નથી. રામાયણ સર્કિટ ભારત-નેપાળ માટે ઘણું જ મહત્વનું છે. આજે વિશ્વમાં ટૂરિઝમ તેજ ગતિએ વધી રહ્યું છે. આપણે બંને દેશે મળીને રામાયણ સર્કિટની યોજનાને આગળ વધારી રહ્યાં છીએ.

મોદીએ કહ્યું કે લાગે છે કે સીતાજી એ જ ભદ્રકાળી એકાદશીના દિવસે મને દર્શન આપવાનું નક્કી કર્યું હતું. આજે જાનકી મંદિરમાં દર્શન કરી વર્ષો જૂની મનોકામના પૂરી થઈ. પીએમે કહ્યું કે ભારત અને નેપાળની મિત્રતા આજની નહીં પરંતુ ત્રેતા યુગની છે. રાજા દશરથ અને રાજા જનકે જનકપુરી અને અયોધ્યાને જ નહીં પરંતુ નેપાળ અને ભારતને પણ એક બંધનમાં બાંધ્યા હતા. પીએમે કહ્યું કે ભારત અને નેપાળની કોઈ પરિભાષાથી નહીં પરંતુ એ ભાષાથી બંધાયેલા છે, જે ભાષા વિશ્વાસની છે. રોટી-બેટીની છે. મોદીએ કહ્યું કે અમારી પ્રકૃતિ પણ એક છે અને સંસ્કૃતિ પણ, દ્રષ્ટિ પણ સમાન છે અને સૃષ્ટિ પણ, ચાહ અને રાહ પણ સમાન છે. નેપાળની વગર ભારતની આસ્થા પણ અધૂરી છે. નેપાળના વગર અમારા ધામ પણ અધૂરા છે અને રામ પણ. મોદીએ કહ્યું કે જનકપુર ધામ આવીને એવું લાગ્યું નથી કે હું કોઈ બીજા દેશમાંથી આવું છું. અહીં બધા આપણા તો છે. નેપાળ આધ્યાત્મા અને દર્શનનું કેન્દ્ર રહ્યું છે. લુંબિનીમાં જ બુદ્ધનો જન્મ થયો હતો. આ એ ધરતી છે જેણે કહ્યું કે દીકરીઓને કેવી રીતે સમ્માન અપાય છે.

**ચાર્જશીટ દાખલ...** ● અનુસંધાન પહેલાનું ચાલુ

દાખલ કરવામાં આવી છે. નલિની ચિદમ્બરમ, કાર્તિ ચિદમ્બરમ અને શ્રીનિધી ઉપર તેમની સંપત્તિને સંપૂર્ણપણે અથવા તો આંશિકરીતે જાહેર નહીં કરવા બદલ ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. બ્રિટનના કેમ્બ્રિજ ખાતે પણ તેમની એક સંપત્તિ છે જેની કિંમત ૫.૩૭ કરોડની આસપાસની છે. આ ઉપરાંત બ્રિટનમાં જ ૮૦ લાખની અન્ય એક સંપત્તિ પણ છે. ઉપરાંત અમેરિકામાં ૩.૨૮ કરોડની સંપત્તિ રહેલી છે. ચાર્જશીટમાં દાવો કરવામાં આવ્યો છે કે, ચિદમ્બરમને ટેક્સ સત્તાવાળાઓ સમક્ષ આ મૂડીરોકાણના સંદર્ભમાં કોઈ જાહેરાત કરી નથી. આ ઉપરાંત કાર્તિ દ્વારા સહમાલિકીની કંપની ચેસ ગ્લોબલ એડવાઈઝરી દ્વારા પણ સંપત્તિની વિગતો જાહેર કરવામાં આવી નથી. બ્લેકમની કાયદા હેઠળ આ કેસ દાખલ કરવામાં આવ્યો છે. બ્લેકમની કાયદાના ભંગનો તેમના ઉપર આક્ષેપ કરવામાં આવ્યો છે. બ્લેકમનીની સામે ઝુંબેશને વધુ તીવ્ર બનાવવા તથા વિદેશમાં સંપત્તિ ગેરકાયદેરીતે જમા કરી ચુકેલા લોકો સામે કાર્યવાહીના ભાગરુપે વર્ષ ૨૦૧૫માં મોદી સરકાર દ્વારા આ કાયદો લાવવામાં આવ્યો હતો. વિભાગે હાલમાં જ કાર્તિ અને તેમના પરિવારના સભ્યોને આ કેસના સંદર્ભમાં નોટિસ જારી કરી હતી.